| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૧/૦૩/૨૦૨૦ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૫૬૪/૨૦૨૦**

# ખંડણી માંગવાના અરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાન્ચ**

## અમદાવાદ શહેરના અસંખ્ય પોલીસ સ્ટેશનમાં મારામારી તથા ખંડણી માંગવાના કેસોમાં અગાઉ પકડાયેલ વિજય @ વિજ્જુ બોડીને એરપોર્ટ પોલીસ સ્ટેશનના મારામારીના ગુન્હામાં પકડી પાડી એરપોર્ટ પોલીસ સ્ટેશનને સોંપની ક્રાઇમ બ્રાન્ચ,

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી તથા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજય કુમાર તોમર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી. ગોહિલ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કવોડ-૧ ના પોલીસ ઈન્સપેક્ટર શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ નાઓની રાહબરી હેઠળ સ્કોડના પો.સ.ઈ. શ્રી વી.એન. ભરવાડ તથા સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે અમદાવાદ શહેર મેમનગર ફાયર સ્ટેશન નજીકમાં આવેલ ચા નાસ્તાના સ્ટોલ ઉપરથી વિજય @ વિજ્જુ બોડી સ/ઓ રાજકુમાર ઉત્તમચંદાણી ઉ.વ. ૪૦ રહે. ડી/૨૦, બાલાજી એન્કલેવ, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ શહેર પાસેથી હોન્ડા એક્ટીવા કિ.રૂ. ૨૫,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ ૨ કિ.રૂ. ૧૦૦૦/- મળી કુલ કિ.રૂ. ૨૬,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી એરપોર્ટ પોલીસ સ્ટેશનના એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૬૨૦૦૨૦૩/૨૦૨૦ ધી ઈ.પી.કો. કલમ ૧૪૩,૧૪૭,૧૪૮, ૨૯૪(ખ),૫૦૬(૨),૪૨૭ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુન્હામાં નાસતો ફરતો હોય જેથી સદરીને તા.૨૦/૦૩/૨૦૨૦ ના કલાક ૧૬/૩૦ વાગ્યે પકડી અટક કરવામાં આવેલ છે,

સદરી આરોપીનો ગુન્હાહિત ઈતિહાસ જોતા આજદીન સુધી સરદારનગર, મેઘાણીનગર, શાહીબાગ, નરોડા, મણીનગર, નવરંગપુરા, માધવપુરા, કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારોમાં મળી આશરે ત્રીસેક જેટલા મારા મારી તથા ખંડણી ઉઘરાવવાના ગુન્હાઓ પકડાયેલ છે. તેમજ ૭ વખત પાસા અટકાયત પણ ભોગવેલ છે.

# ઘરફોડ ચોરી કરનાર આરોપીની અટકાયતની વિગત

## ખોખરા પોલીસ સ્ટેશન

**ઓઢવ પો.સ્ટે.વિસ્તારમા આવેલ ચમનનગર સોસાયટીના રહેણાંક મકાન નં-૦૪ મા રોકડ નાણા રૂ.૪૦,૦૦૦/- તથા એક વિવો કંપની મોબાઇલ ફોન જેની કિં.રૂ.૧૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૫૦,૦૦૦/- ની મત્તાની થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી ચોરીમા ગયેલ રોકડા નાણા પૈકી રૂ.૧૪,૮૫૦/- તથા વિવો કંપનીનો મોબાઇલ જેની કિં.રૂ.૧૦,૦૦૦/- મળી કુલ્લે ૨૪,૮૫૦/- રીકવર કરી ઘરફોડ ચોરી કરનાર આરોપીને પકડી પાડતી સર્વેલન્સ સ્ક્વોડ ખોખરા પોલીસ**

નાયબ પોલીસ કમિશનરશ્રી,ઝોન-૫,તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા મીલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે ખોખરા પો.સ્ટે.પોલીસ ઇન્સ્પેકટરશ્રી, બી.જે.ઝાલાઓના સીધા માર્ગદર્શન હેઠળ ખોખરા પો.સ્ટે.સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.શ્રી,એન.બી.લોઢા તથા સ્ટાફના એ.એસ.આઇ.તેજપાલસિહ પુરણસિહ બ.નં.૭૭૨૮ તથા અ.હેડ.કોંસ.નરેન્દ્રસિંહ દાનસિંહ બ.નં.૧૦૧૩૫ તથા પો.કો.વિજયસિંહ અજમલભાઇ બ.નં.૮૦૦૩ તથા લો.ર.ભદ્રસિંહ ગંભીરસિંહ બ.નં.૮૦૦૬ તથા લો.ર.સુનિલકુમાર કાળુભાઇ બ.નં.૫૯૫ તથા લો.ર.સંજયસિંહ દેહાભાઇ બ.નં.૧૪૬૪ માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા ખોખરા મણીયાસા બગીચા પાસે આગળ આવતા સાથેના લો.ર.સંજયસિંહ દેહાભાઇ બ.નં.૧૪૬૪ નાઓને મળેલ ચોક્કસ બાતમી આધારે **આરોપી** નિરજ સ/ઓ શીવલાલ રૂપચંદ ચૌહાન ઉ.વ.૧૯ રહે.ભગવાનદાસની ચાલી ભાઇપુરા ખોખરા અમદાવાદ શહેર રોકી અંગઝડતી તપાસ કરતા ઝડતીમાંથી જુદાજુદા દરની ચલણી નોટો મળી આવેલ જે ગણી જોતા કુલ્લે રોકડ નાણાં રૂ.૧૪,૮૫૦/- તથા એક વિવો કંપનીનો વી-૧૧ પ્રો મોડલનો મોબાઇલ ફોન જેની કિં.રૂ.૧૦,૦૦૦/- ગણી શકાય જે મળી આવતા સદરી ઇસમની યુક્તી પ્રયુક્તીથી પુછપરછ કરતા સદરીએ જણાવેલ કે, "ગઇ તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ રાત્રીના સોનીની ચાલી ગીતા ગૌરી સિનેમાની બાજુમા આવેલ ચમનનગર સોસાયટીમા ગયેલ અને ત્યા એક બંધ મકાનમા દરવાજાનો લોક ખોલી મકાનમા પ્રવેશ કરી રૂમમા રાખેલ લાકડાના કબાટનુ લોક તોડી રોકડ નાણા જે આશરે ૩૫ થી ૪૦ હજાર જેટલા હતા તે તથા ઉપરોક્ત મોબાઇલ ફોનની ચોરી કરી લીધેલ અને રોકડા રૂપિયા પૈકીના ઉપરોક્ત મારી પાસેથી મળી આવેલ

રૂ.૧૪,૮૫૦/- અંગત ખર્ચ કરતા વધેલ છે," સદરી ઇસમે આ રોકડ નાણા તથા મોબાઇલ ફોન ઓઢવ પો.સ્ટે. વિસ્તારમાંથી ઘરફોડ ચોરી કરી લીધેલ હોવાનું જણાવતા સદરી બાબતે ઓઢવ પો.સ્ટે.ખાતે તપાસ કરતા આ બાબતે એ-પાર્ટ ૧૧૧૯૧૦૩૭૨૦૦૨૬૦/૨૦૨૦ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ હોય જે ગુનાનો ભેદ ઉકેલી મુદ્દામાલ રીકવર કરી સદરી આરોપીને તા.૨૦/૩/૨૦૨૦ ના કલાક ૨૨/૩૦ વાગે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરી વધુ કાર્યવાહી સારૂ ઓઢવ પો.સ્ટે.સોપી પ્રશન્સનીય કામગીરી કરેલ છે.



# પ્રોહીના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઇંગ્લીસ દારૂનો મોટા પ્રમાણમાં જથ્થો શોધી કાઢી ગણનાપાત્ર કેશ કરી સારી કામગીરી કરતી સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-ર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે પ્રોહીબીશન ની બંદી સદંતર નેસ્તનાબુક કરવા સારૂ સખતમાં સખત પેટ્રોલિંગ રાખી પ્રોહી લિસ્ટેડ/ અનલિસ્ટેડ બુટલેગરો ઉપર સરત રેઇડો કરવા તેમજ HS MCR નાસતા-ફરતા આરોપીઓ ચેક કરવા તથા મિલકત સબંધી ગુન્હાઓ સોધી કાઢવા તેમજ બનતા ગુન્હાઓ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૨૦/03/૨૦૨૦ ના રોજ ક.૧૯/00 વાગ્યાથી પો.સ્ટે વિસ્તાર સધન પેટ્રોલિંગ ફરી વિજય પાર્ક ત્રણ રસ્તા પંહોચતા પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ સાહેબની ખાનગી બાતમી હકિકત આધારે " બે એમ.સી.આર/હિસ્ટ્રીસીટર આરોપીઓને શ્યામ પાર્ક સોસાયટી મ.નં-૪૨ માંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો અલગ-અલગ બ્રાન્ડની નાની-મોટી બોટલો નંગ-૪૦૮ કિ.રૂ.૧,૨૭,૨00/-તથા બિયરનો જથ્થો ટીન ૪૮-નંગ કિ.રૂ.૯,૬00/-તથા આરોપીઓની અંગજડતીમાંથી મળી આવેલ મોબાઇલ ફોન નંગ-૨ કિ.રૂ.૧,000/-મળી કુલ્લે કિ.રૂ.૧,૩૭,૮00/-નો મુદ્દામાલ પોતાના કબ્ઝા બોગવટાના મકાનમાં અલગ-અલગ જગ્યાઓએ થોડો-થોડો સંતાડી રાખી ચોરી છુપીથી ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે તેનુ વેચાણ કરતા મળી આવતા ક.૨૩/૩0 વાગે પકડી પાડી વિદેશી દારૂનો જથ્થો આપનાર આરોપી બિટ્ટી રહે,મેમ્કો અમદાવાદ શહેર જેના પુરા નામ સરનામની ખબર નથી જેનો મો.નં.૭૫૬૭૭૧૪૦૯૫ છે તે નહી મળી આવતા તેની શોધ-ખોળ તપાસ ચાલુ રાખી આરોપીઓ વિરૂધ્ધ ધી પ્રોહી એકટ કલમ-૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧ મુજબની કાયદેસરની કાર્યવાહી કરી ગણનાપાત્ર કેશ સોધી કાઢી પ્રસંસનીય કામગીરી કરેલ છે તા.૨૧/03/૨૦૨૦

**આરોપીઓના નામ** :- નં-(૧)કાર્તિક ઉર્ફે જોન્ટી વિક્રમભાઇ શંભુદાસ જાતે પટેલ ઉ.વ.૨૨ રહે,મ.નં-૪૨,શ્યામ પાર્ક સોસાયટી સરદાર ચોક પાસે નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર તથા નં-(૨)ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધમો અભેસિંહ જાતે બારડ ઉ.વ.૨૮ રહે,મ.નં-૩૩૭,વિભાગ-૨ પાશ્વનાથ ટાઉન શીપ નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર તથા વોન્ટેડ નં-(૩) બિટ્ટી રહે,મેમ્કો અમદાવાદ શહેર જેના પુરા નામ સરનામની ખબર નથી જેનો મો.નં.૭૫૬૭૭૧૪૦૯૫ છે તે

**આરોપીઓનો પુર્વ ઇતીહાસ**:- બન્ને આરોપીઓ કૃષ્ણનગર પો.સ્ટે ના હિસ્ટ્રીસીટર છે અને બન્ને આરોપીઓ વિરૂધ્ધમાં મિલકત સબંધી,શરીર સબંધી તેમજ પ્રોહીબીશન ના ગુન્હાઓમાં સંડોવાયેલ છે તેમજ પાસા અટકાયત પણ ભોગવેલ છે

**મુદ્દામાલ**- ભારતી બનાવટનો ઇંગ્લીસ દારૂ તથા બિટર મળી કુલ્લે નંગ-૪૫૬ કુલ્લે કિ.રૂ.૧,૩૬,૮૦૦/- તથા બે મો.ફોન કિ.રૂ.૧,૦૦૦/-નો મુદ્દામાલ

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો એ.એસ.આઇ રણજીતસિંહ રણછોડસિંહ બ.નં-૬૯૫૭ તથા અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.હેડ.કોન્સ કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં-૭૦૫૧ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક વેલાજી હેમાજી બ.નં-૯૨૪ તથા લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૫૦૯ તથા બીજા સ્ટાફના માણસો

**આરોપીઓનો ફોટો**



## રામોલ પોલીસ

# કિ.રૂ. ૩૬,૦૦૦/- ના ભારતીય બનાવટનો વિદેશી દારૂના જથ્થા તથા વાહન સાથે આરોપીની ધરપકડ કરતી રામોલ પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી આઇ ડિવીઝન નાઓએ દારુ જુગારની પ્રવૃતિ નેસ્ત-નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે અમોએ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને આવી પ્રવુતી કરતા ઇસમોની વિરુધ્ધ કડક કાર્યવાહી કરવા સુચના કરેલ જે અનુસંધાને સર્વેલન્સ સ્કોડના પોસઇશ્રી વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં ના.રા. પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક ૦૨/૪૦ વાગે રામોલ પાંજરાપોળ પાસે આવતા પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે એક ગોલ્ડન કલરની ટોયોટા કંપનીની કોરોલા ગાડી નંબર જી.જે.૦૧. એચ.પી.૩૦૧૮ નો ચાલક પોતાના કબ્જાની ગાડીમાં ગેર કાયદેસરનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો રાખી ઓઢવ તરફથી આવી અત્રે થઇ હાથીજણ તરફ જનાર છે જે હકીકત આધારે પો.સ.ઇ નાઓએ બે પંચોના માણસોની સાથે રોડ ઉપર જરૂરી આડાશ ઉભી કરાવી ગાડીની વોચમાં હાજર રહી ગાડી આવતા જે ગાડીમાંથી (૧) ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ-૭૨ કિ.રૂ. ૩૬,૦૦૦/- (૨) કોરોલા ગાડી નં. જી.જે.૦૧.એચ.પી.૩૦૧૮ કિ.રુ. ૨,૫૦,૦૦૦/- મળી કુલ્લે રુપિયા ૨,૮૬,૦૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપી રાજેશભાઇ નારાયણ સ્વરૂપ શર્મા ઉવ. ૩૩ રહે. હનુમાનનગર બચુભાઇનો કુવો વટવા અમદાવાદ શહેર મુળવતન. ગામ. બહા તા.જી.આગ્રા ઉત્તરપ્રદેશ નાને તારીખ ૧૯/૦૩/૨૦૨૦ ના કલાક ૦૩/૪૫ વાગે પકડી પ્રોહિબીશનનો ગુનો શોધી સારી કામગીરી કરેલ છે તા.૨૦/૦૩/૨૦૨૦

# રામોલ પોલીસ

## ઈગ્લીશ દારૂનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી રામોલ પોલીસ
## કબજા ભોગવટાના મકાનમાં પાર્સલ પેકીંગમાં સંતાડેલ ઈગ્લીશ દારૂની બોટલ
## નંગ:૭૨ કીમત રૂપીયા ૩૬૦૦૦/- ના મુદ્દામાલ સાથે બે ઈસમ ઝડપાયા

આજરોજ તા:૨૦/૦૩/૨૦૨૦ ના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ ની સુચના આધારે રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જુગારની પ્રવુતી નેસ્તનાબુદ કરવા તેમજ દારૂ જુગારના કેશો શોધી કાઢવા સારૂ પો.સ.ઈ બી.આર.ભાટી તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન અ.હે.કો અનોપસિંહ રણજીતસિંહ બ.નં.૬૦૮૧ તથા ભોળાભાઈ વાઘજીભાઈ બ.નં.૧૩૦૨૨ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે રામોલ કેનાલ પાસે નમ્ર એપાર્ટમેન્ટ ખાતે મકાન નં.ડી/૫ માં આરોપીઓ નં.(૧) તરૂણ સ/ઓ રાજુભાઈ દેવાનચંદ સોની ઉવ:૧૯ રહે:ડી/૨ નમ્ર એપાર્ટમેન્ટ રામોલ કેનાલ પાસે રામોલ અમદાવાદ શહેર તથા નં.(૨) દીપમ સ/ઓ રાજુભાઈ દેવાનચંદ સોની ઉવ:૨૧ રહે:ડી/૨ નમ્ર એપાર્ટમેન્ટ રામોલ કેનાલ પાસે રામોલ અમદાવાદ શહેર નાઓને પોતાના કબજામાં તથા કબજા ભોગવટાના મકાનમાં વગર પાસ પરમીટે પાર્સલ પેકીંગમાં પેકીંગ કરેલ ભારતીય બનાવટના વિદેશી દારૂ ની બોટલ નંગ:૭૨ કીમત રૂપીયા ૩૬૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પકડાયેલ દારૂનો જથ્થો મંગાવનાર પરેશ રાજુભાઈ સોની રહે:ડી/૨ નમ્ર એપાર્ટમેન્ટ રામોલ કેનાલ પાસે રામોલ અમદાવાદ શહેર નો મળી આવેલ નહી તેઓના વિરુધ્ધમાં ધી પ્રોહિ એકટ કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# પાસાના આરોપીઓની અટકાયતની વિગત

## નારોલ પોલીસ

## ઇંગ્લીશ દારૂ તથા બીયરની હેરા-ફેરીની પ્રવુતિ સાથે સંકળાયેલ સાત (૭) ઇસમોની અટકાયત કરી પાસા હેઠળ અલગ-અલગ જેલો ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશન સબંધી ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ.શ્રી એસ.એ.ગોહિલ તથા સ્ટાફના માણસોએ (૧) ડી.સી.બી. પો.સ્ટે પાર્ટ-સી ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૧૨૦૦૦૦૯/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૫(એ) (ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબ તથા (૨) નારોલ પો.સ્ટે પાર્ટ-સી ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૦૪૧/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૫(એ) (ઈ) ૬૬(બી) ૮૧ ૯૮(૨) ૧૧૬(બી) મુજબના ગુનાઓના કામના આરોપીઓ (૧) જોગસિંગ ઉર્ફે યુવરાજસિંગ S/O નરપતસિંગ જાતે:- રાઠોડ (રાજપુત) ઉવ.૧૯ તથા (૨) ધર્મવીરસિંહ સ/ઓ બાગસિંગજી જાતે:- પરમાર (રાજપુત) ઉવ.૨૦ તથા (૩) ગોકળારામ ઉર્ફે ગોકુલ માલારામ જાતે દેવાસી (રબારી) ઉ.વ.૨૦ તથા (૪) કરમીરામ વિરારામ જાતે દેવાસી (રબારી) ઉ.વ.૨૨ તથા (૫) નરેન્દ્રકુમાર ઉર્ફે નાગજી S/O રાણારામ જાતે આંજણા(રબારી) ઉ.વ.૨૨ તથા (૬) પુરારામ ભિખારામ જાતે દેવાસી(રબારી) ઉ.વ.૨૧ તથા નારોલ પો.સ્ટે. પાર્ટ - સી ગુ.ર.નં. ૨૦૦૧૦૦/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૫(એ) (ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબ ના ગુનાના આરોપી (૧) જીતેન્દ્રસિંઘ ગોવિંદસિંઘ જાતે-રાવત ઉ.વ.૨૮ નાઓની પ્રોહીબિશનની પ્રવૃત્તિ સબબ તેમના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાએ ઉપરોક્ત સાતેય આરોપી વિરૂદ્ધ પાસા અટકાયતી નો હુકમ કરતા ઉપરોક્ત સાતેય આરોપીના પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે અલગ-અગલ જેલ જેમાં રાજકોટ મધ્યસ્થ જેલ તથા મધ્યસ્થ જેલ વડોદરા તથા લાજપોર મધ્યસ્થ જેલ સુરત તથા મધ્યસ્થ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૨૦/૦૩/૨૦૨૦.

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :**

- પો.ઇન્સ એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે.
- પો.સબ.ઇન્સ. જે.એસ..ચૌધરી સર્વેલન્સ સ્કોડ નારોલ પો.સ્ટે.
- અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ પી.આઇ. પર્સનલ સ્ટાફ
- અ.પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ પી.આઇ. પર્સનલ સ્ટાફ
- અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧ પી.આઇ. પર્સનલ સ્ટાફ

